શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૦
અંક : ૧૨

## સરદાર પટેલ

૨૯ માર્ચ ૧૯૪૯ ના દિવસે સરદાર તથા તેમના પુત્રી મણીબેન તેમજ પટીયાલાના મહારાજા જે વિમાનમાં પ્રવાસ કરી રહયા હતા તે વિમાન સાથેનો સતાધિકારીઓનો સંપર્ક ટુટી ગયો હતો. એન્જીનની ખરાબીને કારણે વિમાન ચાલકે રાજસ્થાનના રણ પ્રદેશમાં વિમાનનું તાતીનું ઉતરાયણ કરવું પડયું હતું. આ પ્રસંગમાં કોઈને હાની ન પહોંચી હતી અને સરદાર બીજા યાત્રીઓ સાથે પાસેના ગામ સુધી ચાલતા જઈ ત્યાંના સ્થાનિક અધિકારીશ્રીઓને જાણ કરી હતી. જયારે સરદાર દિલ્હી પહોંચ્યા ત્યારે હજારો કોંગ્રેસી કાર્યકરોએ તેમને હાર્દિક આવકાર આપ્યો હતો તેમજ સંસદમાં મંત્રીઓએ ઉભા થઈને લાંબા સમય સુધી તાળીઓના ગડગડાટ સાથે અભિવાદન કર્યુ કે જેના લીધે સંસદની કાર્યવાહી અડધા કલાક માટે બંધ રાખવામાં આવી હતી. તેમના જીવનનાં પાછલા વર્ષોમાં સરદારને સંસદ તરફથી બહુમાનીત કરવામાં આવ્યા હતા તેમજ પંજાબ વિશ્વવિદ્યાલય અને ઓસ્માનિયા વિશ્વવિદ્યાલય તરફથી સન્માનિત ડોકટરની પદવી નવાજવામાં આવી હતી. સરદારની તબિયત ૧૯૫૦ ના ઉનાળા દરમ્યાન બગડતી ગઈ. તેમને પછીથી ઉધરસમાં લોહી નીકળતું હતું અને ત્યારે મણીબેને તેમની મંત્રણાઓ તેમજ કામ કરવાના કલાકોમાં ઘટાડો કરાવ્યો હતો તથા સરદારની દેખરેખ માટે વ્યકિતગત વૈદ્યકીય મદદ તથા પરીચારકોનો પ્રબંધ કરાવ્યો હતો. પશ્રિમ બંગાળના ગર્વનર તથા ડોકટર બિભાન રોયએ સરદારને તેમના અનિવાર્ય અંતની બાબતમાં રમુજ કરતા સાંભળ્યા હતા તેમજ એક ખાનગી મંત્રણા વખતે સરદારે તેમના મંત્રી વ સહકાર્યકર શ્રી ન. વ. ગાડગીલને નિખાલસતાથી કહયું હતું કે પોતે લાંબુ જીવશે નહિ. બીજીવાર સરદાર વારંવાર શુધ્ધી ખોઈ બેસતા હતા, ત્યારથી તેમની હિલચાલ તેમના પલંગ સુધી સીમિત રાખવામાં આવી હતી. ૧૨ ડિસેમ્બરે જયારે તેઓ તેમના મુંબઈ સ્થિત દિકરા શ્રી ડાહયાલાલના ઘરે આરામ કરવા વિમાન પ્રવાસ કરવાના હતા ત્યારે તેમની તબીયત નાજુક હતી અને શ્રી નેહરુ તેમજ શ્રી રાજગોપાલાચારી તેમને વિમાનમથકે મળવા ગયા હતા. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના દિવસે તેમને મોટા હૃદય હુમલો (તેમનો બીજો) થયો હતો કે જેના લીધે તેમનું દેહાંત થયું હતું. તે દિવસે અભૂતપુર્વ તેમજ અનન્ય ઘટનામાં ભારતીય સનદી સેવા તેમજ પોલીસ સેવાના ૧૫૦૦ અધિકારીઓ સરદારના દિલ્હી સ્થિત તેમના દેહાંતના દુઃખમાં સહભાગી થવા મળ્યા હતા અને તેઓએ પ્રણ લીધું હતું કે તેઓ ભારતની સેવા 'પુર્ણ વફાદારી તેમજ અવીરત ઉત્સાહ' સાથે કરશે. સરદારનો અગ્નિદાહ મુંબઈના સોનાપુર સ્થિત કરવામાં આવ્યો હતો અને ત્યાં મોટો જનસમુદાય તેમજ શ્રી નેહરૂ, શ્રી રાજગોપાલાચારી અને રાષ્ટ્રપતી શ્રી પ્રસાદ હાજર હતા.

*(ગુગલમાંથી સાભાર)*

**લોકો ચાહે છે કે તમે આગળ વધો, પણ તેમનાથી આગળ નહિ.**

ખેડુત મિત્રો ખુશી મજામાં હશો!!!!
દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણે મુખ્ય પાક ઉપરાંત કઠોળ પાકોનું ઉત્પાદન પણ મેળવ્યું જ હશે, જેવા કે મગ, અડદ, મઠ વગેરે...પરંતુ હવે સમય આવી ગયો છે આ કઠોળ પાકના ઉત્પાદનને ઘર વપરાશ માટે સંગ્રહ કરવાનો. તો આવો જાણીએ સંગ્રહ કરવાની પદ્ધતિઓ.

**ચણાનો સંગ્રહ :**

૧. ૧ મણ ચણામાં ૫૦૦ ગ્રામ ચણાના સૂકા પાન રાખીને કોઠારમાં ભરવાથી ચણામાં કોઈ જાતની જીવાત પડતી નથી કે બગડતા નથી.

૨. ૧ મણ ચણામાં ૧૦૦ ગ્રામ ફુદીનાના પાનનો પાવડર મિશ્ર કરવાથી ચણાને લાંબો સમય સુધી સંગ્રહ કરી શકીએ છીએ.

૩. ૧ મણ ચણા દીઠ ૧ કિલો નગોડના સૂકા પાન ચણા સાથે ભેળવીને સંગ્રહ કરવાથી ચણામાં કોઈપણ જાતની જીવાત પડતી નથી તેમજ લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાય છે.

**ચણા દાળનો સંગ્રહ :**

ચણાદાળના સંગ્રહ માટે નગોડાના સૂકા પાન અથવા દીવેલ આપીને લાંબા સમય સુધી ચણાદાળનો સંગ્રહ કરી શકાય છે.

**મગનો સંગ્રહ :**

ઉકળતા પાણીનો ઉપયોગ કરવાથી મગનો સંગ્રહ કરવા મગને પોટલીમાં બાંધીને ઉકળતા પાણીમાં ૨ કે ૩ વખત ઝબોળીને કાઢી લેવા અને તરત જ તડકામાં સુકવી દેવા જોઈએ. આ પદ્ધતિમાં મગને સંપૂર્ણ જંતુનાશક પ્રકિયા થતી હોવાથી મગ લાંબા સુધી સારી રીતે સંગ્રહ કરી શકીએ છીએ.

**મગદાળનો સંગ્રહ :**

૧ મણ મગદાળ દીઠ ૧ કિલો નગોડના સૂકા પાન મગદાળ સાથે ભેળવીને સંગ્રહ કરવાથી મગદાળમાં જીવાત પડતી નથી તેમજ લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાય છે.

**અડદનો સંગ્રહ :**

અડદનો સંગ્રહ માટે દીવેલ આપીને લાંબા સમય સુધી અડદનો સંગ્રહ કરી શકાય છે.

**અડદ દાળનો સંગ્રહ :**

૧ મણ અડદની દાળ દીઠ ૮૦૦ ગ્રામ અરણીના સૂકા પાન મિકસ કરવાથી અડદની દાળમાં જીવાત કે બાચકા પડતા નથી. તેને લાંબો સમય સુધી સંગ્રહ કરી સાકી છે.

**તુવેરનો સંગ્રહ :**

તુવેરની દાળના સંગ્રહ માટે દીવેલ આપીને લાંબા સમય સુધી તુવેરનો સંગ્રહ કરી શકાય છે.

**તુવેર દાળનો સંગ્રહ :**

તુવેરની દાળના સંગ્રહ માટે તુવેરને જયારે દીવેલથી મોણ દેતી વખતે તેમાં હળદરનો પાવડર પણ મિકસ કરવામાં આવે છે, જેથી તુવેર દાળ લાંબા સમય સુધી બગડતી નથી અને તેનો સ્વાદ પણ જળવાઈ રહે છે.

**સંકલન : બિપીન એમ. કુંજડીયા**

***બીજા સાથે એવો વ્યવહારના કરો જે તમને પસંદ નથી.***

## ચણાના પાકમા વાવેતર બાદની ભલામણ

**રાસાયણિક ખાતર :** ચણાને વાવણી વખતે એક જ ડોઝ ખાતરનો આપવો.પાયાના ખાતર તરીકે હેકટરે ૨૦ કિલો નાઈટ્રોજન, ૪૦ કિલો ફોસ્ફરસ અને ૨૦ કિલો ગંધક વાવણી પહેલાં ચાસમાં આપવો.ચણાના મૂળમાં રાઈઝોબિયમ જીવાણુંની પ્રવૃતિ ૨૧ દિવસોમાં શરૂ થાય છે, તેથી છોડ પોતે જ હવાનો નાઈટ્રોજન વાપરવાની શકિત મેળવી લે છે. ચણાને આ કારણથી પૂર્તિ ખાતરની જરૂર નથી. ઘણા ખેડૂતો પિયત ચણામાં પૂર્તિ ખાતર તરીકે યુરીયા આપે છે. જેથી ખોટો ખર્ચ થાય છે. તેનાથી નુકશાન થાય છે. વધારાનું નાઈટ્રોજન આપવાથી છોડની વધુ પડતી વાનસ્પતિક વૃધ્ધિ થાય છે. આવા છોડમાં ફૂલો પણ મોડાં બેસે છે. તેથી ચણામાં પૂર્તિ ખાતર કયારેય ન આપવુ. જૂનાગઢ કેન્દ્ર દ્વારા ચણાના પાક ઉપર ખેડૂતોના ખેતર પર ગોઠવેલા નિદર્શનોના પરીણામો એવું બતાવે છે કે ચણામાં ફૂલ અવસ્થાએ તથા દાણા બંધાતી વખતે ૨ % યુરીયાનો છંટકાવ કરે તો બિનપિયત વિસ્તારમાં ઉત્પાદન ૮ થી ૧૦ ટકા વધે છે.

**પિયત :** પિયત વિસ્તારમાં ઓરવાણ કરીને ચણા વાવ્યા પછી પહેલું પાણી આપવું. આ પછી ડાળી ફુટવાના સમયે એટલે કે ૨૦ દિવસો પછી બીજું પાણી આપવું. ત્રીજુ પાણી ૪૦ થી ૪૫ દિવસે ફૂલ બેસતી વખતે અને ચોથું પાણી ૬૦ થી ૭૦ દિવસે પોપટા બેસતી વખતે આપવું. આમ ચણામાં ડાળી ફૂટતી વખતે, ફૂલ અને પોપટા બેસતી વખતે એમ ત્રણ કટોકટીની અવસ્થાએ પિયતની ખાસ જરૂરિયાત હોય છે. આ સમયે પાણી આપવાથી પાણીનો યોગ્ય ઉપયોગ અને આર્થિક ફાયદો થાય છે. ચણાનો પિયત હેઠળ આવે ત્યારે તેને ઘઉંના પાકની જેમ વધારે પિયત આપવા નહી. ટુકા ગાળે પિયત આપવાથી છોડની વાનસ્પતિક વૃધ્ધી વધુ થાય છે અને ફુલ તથા પોપટા મોડા આવે છે અને સરવાળે ઉત્પાદન ઓછુ આવે છે.

**પાક સંરક્ષણ તથા સુકારો (વીલ્ટ) :** બીજ અને જમીન બન્ને મારફત ફેલાતા આ રોગ પાકની કોઈ પણ અવસ્થા દરમ્યાન જોવા મળે છે. પાકની શરૂઆતમાં કે પાછલી અવસ્થાએ છોડ ઉભા સુકાય છે. રોગ આવતો અટકાવવા માટે રોગ સામે પ્રતિકાર ધરાવતી જાતનુ રોગમુકત બિયારણ વાવવું. વાવતા પહેલા બીજને ફૂગનાશક દવાનો પટ આપવો. ચણા પછી બાજરી કે જુવારની પાક ફેરબદલી અને દિવેલાનો ખોળ હેકટરે એક ટન આપવાથી આ રોગની તીવ્રતા ઘટે છે. જમીનમાં રહેલી ફૂગનો નાશ ન થાય ત્યાં સુધી આ રોગ નાબુદ કરવો મુશ્કેલ હોવાથી એક ને એક પડામાં દર વર્ષે ચણા ન લેતાં જમીન ફેરબદલી કરવી હિતાવહ છે.

*સંકલન : નરેન્દ્ર પોંકિયા*

**સૌથી મોટો દીન દુર્બળ તે છે જેનું પોતાના પર નિયંત્રણ નથી.**

## પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના

ખેતીની બાબતમાં વરસાદ અને હવામાનની અનિયમીતતા રહેલી છે.જેનાં કારણે લગભગ ૩ થી ૪ વર્ષ એકાદ વર્ષ દુકાળનો સામાનો કરવો પડે છે. આવા જોખમો સામે વિમા યોજના એક સહકાર આપી શકે તેમ કહી શકાય તે બાબતો તે ધ્યાનમાં રાખી પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાની જાણકારી માટે ખાંભા તાલુકાના હનુમાનગાળા તેમજ બાબરા તાલુકામાં બાબરા અને ચમારડી ગામોમાં ખેડુતો સાથે વાર્તાલાભ કરવાનુ શરૂ કરવામાં આવ્યુ આ યોજના અંર્તગત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થતો હોવાથી ખોટુ થવાની સંભાવનાઓ રહેતી નથી. રવી સીઝનમાં કયાં પાકોનું વાવેતર કરવામાં આવેલ છે અને કયાં પાકોનું કેટલું ધિરાણ મળવાપાત્ર છે અને કેટલું પ્રીમયમ રહેલુ છે. જે બાબતોનુ ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનામાં ખેડૂતો જે પ્રિમિયમ ભરે છે તે સિવાયનું પ્રિમિયમ સરકાર દ્વારા ભરવામાં આવે છે. જેમાં અડધું પ્રિમિયમ રાજય સરકાર અને અડધું કેન્દ્ર સરકાર દ્વારા ભરવામાં આવે છે.



## બીસીઆઈ પ્રોજેકટ અંર્તગત ખેડૂત તાલીમ

દિવસેને દિવસે ખેતીનો ધંધો ભાંગતો જાય છે. તે મુદ્દાને ધ્યાનમાં રાખી બીસીઆઈ પ્રોજેકટ દ્વારા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું જેમાં છેલ્લા ૫ વર્ષથી સૌરાષ્ટ અને અમરેલી જીલ્લામાં મોટાભાગે કપાસનુ વાવેતર થાય છે અને પશુપાલન ઘટતુ જાય છે. જેથી સેન્દ્રિય ખાતરની મોટી અછત જોવા મળી છે. જેના કારણે એક જ ખેતરમાં એકનો એક જ પાકનુ વાવેતર થતું હોવાથી જમીનની ફળદ્રુપતા ઘટતી જાય છે. જમીન સુધારણા માટે પાક ફેરબદલી એ એક ઉપાય આપણી પાસે છે. જેથી પાક ફેરબદલી કરવી. તેવી ખેડુતોને ભલામણ કરવામાં આવી. આજે લોકો પાસે જમીન ઘટતી જાય છે. જેથી ખેતીએ મુખ્ય ધંધો નહી પણ લોકો તેને સાઈડ બિઝનેસ તરીકે કામ કરે તો પોસાય તેમ છે. બીસીઆઈ પ્રોજેકટ અંર્તગત કપાસની વીણી પછી વેચાણ માટે બીસીઆઈ માન્ય જીનર્સની પણ વાત કરવામાં આવી જે અંર્તગત ખેડૂતો આ જીનમાં કપાસનું વેચાણ કરે તેના પર ચર્ચા કરવામાં આવી હતી.



વારંવાર થાય એને ભૂલ ન કહેવાય

## આહારમાં કઠોળનું મહત્વ

જુદા જુદા કઠોળમાંથી બે દળ થતી હોવાથી કઠોળને દ્વિદળ અનાજ પણ કહેવામાં આવે છે. જેમાં મગ, મઠ, ચોળી, વાલ, ચણા, તુવેર, અડદ, સોયાબીન, વટાણા વગેરેનો સમાવેશ થાય છે. આપણે દરરોજ રસોઈમાં દાળ અથવા કઠોળ શા માટે બનાવીએ છીએ એ મહત્વનો સવાલ છે. રોજના ભોજનમાં રોટલા, રોટલી અને શાકભાજી જેટલો જ અગત્યનો તેમજ મહત્વનો ખોરાક કઠોળ અને દાળ છે. દાળ અને કઠોળની ખરી અગત્યતા તો તેમાં રહેલા પ્રોટીનને કારણે છે. આહારમાં દાળ અને કઠોળ નું પ્રોટીન અપુર્ણ એટલે કે અધુરૂં છે જેથી તેને પૂર્ણ કરવા માટે રોજીંદા આહારમાં અનાજ સાથે દાળ અથવા કઠોળનું મિશ્રણ ૩:૧ના પ્રમાણમાં કરવું જરૂરી છે.

આહારમાં કઠોળ અથવા દાળ લેવાથી શરીરમાં પુરતુ પ્રોટીન મળી રહે છે.રોજીંદા આહારને કઈ રીતે પોષક,સ્વાદીષ્ટ અને આકર્ષક તેમજ સસ્તો બનાવવો એ દરેક ગૃહીણીના હાથમાં છે. ગૃહીણીમાં રસોઈ અંગેની સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ અને સભાનતા અને આવડત હોવી જરૂરી છે. કહેવત છે કે "એક ઘઉં તેમાં સો પકવાન" તો બહેનો પાસે કઠોળના પોષકતત્વો, આહારમાં તેનું મહત્વ,પ્રમાણ અને તેના જુદા જુદા ઉપયોગ અંગે જાણકારી હશે તો અનેક સ્વાદિષ્ટ વાનગી તૈયાર કરી પોતાના પરિવારને સંતોષી શકશે. તેમજ કઠોળને વધારે સુપાચ્ય અને પોષક બનાવવા માટે ઋતુ અનુસાર લીલા શાકભાજીનો કઠોળ–દાળ સાથે અવશ્ય ઉપયોગ કરવો જોઈએ.

### કઠોળ વિશે થોડી વૈજ્ઞાનિક માહિતી

કઠોળ વર્ગના પાકોમાં તેના મુળના ભાગમાં રાઈઝોબીયમ નામના નાઈટ્રોજન સ્થિરીકરણ કરતા બેકટેરીયા સ્થાયી થાય છે. આ બેકટેરીયા કઠોળ પાકના મુળમાં મુળ ગંડીકા (ગાંઠ) સ્વરૂપે જોવા મળે છે. હવામાંના વાયુસ્વરૂપ નાઈટ્રોજન (૭૮%) ને લઈને જમીનમાં જમા કરે છે. જેથી જમીનમાં દરેક પાકના વૃધ્ધિ વિકાસ માટે ઉપયોગી તત્વ નાઈટ્રોજન જળવાઈ રહે છે.

આ ઉપરાંત કઠોળ વર્ગના પાકો ટુંકા ગાળાના હોય છે. જેથી ઘણાં ખેડૂતો અન્ય મુખ્ય પાકો સાથે આંતરપાક તરીકે પુરક આવક પણ મેળવે છે. તેમજ પાક ફેરબદલીમાં પણ ખુબ જ ઉપયોગી છે. આમ જમીનનું અને જીવોનું ખરૂં સ્વાસ્થ્ય જાળવવા માટે આ વર્ગના પાકો ખુબ જ અગત્યના અને ઉપયોગી છે.

**સંકલન : ધ્રુવી ભંડેરી**

હોઠ પર સવાર સાંજ
શુદ્ધ ઘી હળવા હાથે લગાડવાથી
હોઠ ફાટશે નહિં તેમજ હોઠ
ખૂબસુરત લાગશે.

**આપતાં શીખો જગત તમારૂ નામ લેતાં શીખી જશે.**

## ઘઉંના વાવેતર બાદની ભલામણો

**ખાતર :**

ઘઉંના પાકને એક હેકટર દીઠ ૧૫ થી ૨૦ ગાડા સારુ કોહવાયેલ છાણીયું ખાતર આપવું. આ ઉપરાંત રાસાયણીક ખાતરોમાં એક હેકટરે પાયાના ખાતર તરીકે ૧૩૦ કિ.ગ્રા ડીએપી અને ૮૦ કિ.ગ્રા યુરીયા આપવું. પૂર્તિ ખાતર તરીકે ૧૩૦ કિ.ગ્રા યુરીયા વાવેતર બાદ ૧૮ થી ૨૧ દિવસે એટલે કે મુકુટ મૂળ અવસ્થાએ પિયત આપ્યા બાદ આપવું.

જો જમીનમાં પોટાશ તત્વની ઉણપ જણાય તો મ્યુરેટ ઓફ પોટાશ હેકટરે ૨૫ કિ.ગ્રા પ્રમાણે આપવું તેમજ જસત તત્વની ઉણપ જણાય તો હેકટરે ૨૫ કિ.ગ્રા પ્રમાણે ઝિંક સલ્ફેટ આપવું.

**પીયત :**

સામાન્ય રીતે ઘઉંના પાકને જમીનનો પ્રકાર તથા સ્થાનિક વાતાવરણની પરિસ્થિતિ મુજબ ૮ થી ૧૨ પિયતની જરૂર પડે છે.જે પૈકી પહેલુ પિયત વાવણી સમયે, બીજુ પિયત વાવેતર બાદ ૫ થી ૬ દિવસે આપવું. ત્યારબાદ ત્રીજુ પિયત વાવેતર બાદ ૧૮ થી ૨૧ દિવસે આપવું. બાકીના પિયત ૮ થી ૧૦ દિવસના ગાળે આપવા. પાકની કટોકટી અવસ્થાઓ જેવી કે મુકુટ મુળ અવસ્થા, ફુટ અવસ્થા, ગાભે આવવાની અવસ્થા, નિંઘલ અવસ્થા, દુધીયા દાણા અવસ્થા તેમજ પોંક અવસ્થાએ અચૂક પિયત આપવા. છેલ્લુ પિયત પોંક અવસ્થાએ આપવું ત્યારબાદ પિયત આપવાથી પોટીયા દાણા તથા કાળી ટપકીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

**નિંદામણ :**

આમ તો, હાથથી નિંદામણ નિયંત્રણ કરવુ હિતાવહ છે. આમ છતાં, મજુરોની અછત હોય તો ઘઉંની વાવણી બાદ બીજના સ્ફુરણ પહેલા પેન્ડીમિથાલીન દવા ૧૦ લીટર પાણીમાં ૫૫ મીલી પ્રમાણે ઓગાળી છંટકાવ કરવો. ઉભા પાકમાં પહોળા પાનવાળા નિંદામણનું પ્રમાણ વધારે હોય તો ૧૨ ગ્રામ નિંદામણ નાશક દવા ૨, ૪–ડી ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો અથવા મેટસલ્ફયુરાન ૮ ગ્રામ પ્રતિ ૧૦૦ લીટર પાણી એટલે કે ૦.૮ ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવાથી પહોળા પાનવાળા નિંદામણોનું નિયંત્રણ થાય છે.

**રોગ અને જીવાત :**

ઉભા પાકમાં ઉધઈનો ઉપદ્રવ જણાયતો હેકટરે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. ૪૫૦ મીલી લીટર દવા અથવા ફીપ્રોનીલ ૫ એસ.સી.૧.૬ લીટર દવા ૫ લીટર પાણીમાં મિશ્રણ કરી ૧૦૦ કિલો ગ્રામ રેતી સાથે ભેળવીને પૂંખી હળવું પિયત આપવું. પોંકની અવસ્થાએ પિયત આપ્યા બાદ પિયત ન આપવું. ઘઉંના સંગ્રહ દરમ્યાન જીવાતથી રક્ષણ મેળવવા, દાણાને સુર્ય પ્રકાશમાં સુકવણી કરી કડકડ અવાજ સાથે દાણો તૂટે ત્યારે સંગ્રહ કરવો.

***દુ:ખ માનવીને ઘણી અજાણી વાતનું જ્ઞાન આપે છે.***

**Happy Birthday**

| | |
|---|---|
| Deepa chauhan | 02.01.1977 |
| Rekhaben Mithapara | 05.01.1963 |
| Popatbhai Sisodiya | 07.01.1991 |
| Mansing Bambhaniya | 09.01.1994 |
| Gordhan Vaghela | 20.01.1983 |

**In this month**

| | |
|---|---|
| 1 | Weekly meeting |
| 4 | Fair trade awarness programme in Rabarika |
| 7 | Mahindra & Mahindra meeting |
| 8 | Dipak foundation meeting |
| 16-25 | BCI and PMFBY training at Mota Machiyala, Chamardi, Lunki, Babra, Ingorala, Pir khijdiya. |
| 18 | Meeting for 'Infinity solar cold chain' |
| 18 | Core group meeting |

**'કંઈ થયા વગર'**

કંઈ થયા વગર શું થયા કરે છે,
જિંદગી આમ જ ચાલ્યાં કરે છે.

કેમ હું સંભાળી શકું ખુદ કે ખુદાને,
બદલું હું મને તો એ બદલ્યાં જ કરે છે.

નિરંતર જીવનની કાયમ ક્ષણોમાં,
કિંમત શું સમયની થયા કરે છે.

આ છે તૂટેલ ફુટેલ ભંગાર મારા સમયનો,
ભેગા જયાં કરો ત્યાં જીવન થયાં કરે છે.

**– પ્રવિણસિંહ સિસોદીયા**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**લોકો ચાહે છે કે તમે આગળ વધો, પણ તેમનાથી આગળ નહિ.**